Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
હોસ્પિટલ ૨૪ કલાક ઈમરજન્સી અને અકસ્માત કેસ માટે ચાલુ છે.
* અનુભવી ડૉક્ટર્સ
* અત્યંત વ્યાજબી ભાવે સેવા
* "માં" કાર્ડ યોજના હેઠળ મફત ઓપરેશન
કેશલેસ અને મેડીકલેઈમની સેવા ઉપલબ્ધ
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ દશમ શનિવાર ૨૮ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૩૧

પાનાં ૧૦+૧૨ કિંમત ₹ ૫.૦૦

રશિયા પાસેથી વધુ ૫ S-400 મિસાઈલ સિસ્ટમ અને ૬૦ ટ્રાન્સપોર્ટ વિમાનો ખરીદાશે

૩. ૨.૩૮ લાખ કરોડની સૌથી મોટી સંરક્ષણ ખરીદી

બીજો અનેક સરંજામ ખરીદવામાં આવશે, અત્યાર સુધીના કોઇ પણ નાણાકીય વર્ષની સૌથી મોટી સંરક્ષણ ખરીદી

નવી દિલ્હી, તા. 27 (PTI): સંરક્ષણ પ્રાપ્તિના એક મોટા પ્રોત્સાહન હેઠળ, ભારતે શુક્રવારે રશિયા પાસેથી S-400 મિસાઈલ સિસ્ટમની નવી પાંચ બેચ અને 60 મધ્યમ પરિવહન વિમાનો તેમજ અન્ય કેટલાક લશ્કરી પ્લેટફોર્મ્સની ખરીદીને મંજૂરી આપી છે. સંરક્ષણ દળોની લડાયક ક્ષમતા વધારવા માટે આ તમામ ખરીદી કુલ રૂ. 2.38 લાખ કરોડના ખર્ચે કરવામાં આવશે.

આ પ્રાપ્તિ દરખાસ્તોને સંરક્ષણ મંત્રાલયની લશ્કરી ખરીદી અંગે નિર્ણય લેતી સર્વોચ્ચ સંસ્થા, ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (DAC) દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકની અધ્યક્ષતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કરી હતી. જોકે સંરક્ષણ મંત્રાલયે પુષ્ટિ કરી છે કે DAC એ S-400 મિસાઈલ સિસ્ટમ અને લશ્કરી પરિવહન વિમાનોની ખરીદીને મંજૂરી આપી છે, પરંતુ તેણે ચોક્કસ સંખ્યાનો ઉલ્લેખ કર્યો નથી. તેમ છતાં, અધિકૃત સૂત્રોના જણાવ્યા અનુસાર આ મંજૂરીમાં પાંચ S-400 યુનિટ અને 60 ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનો સમાવેશ થાય છે.

ભારતીય વાયુસેના તેના સોવિયેત યુગના જૂના AN-32 અને IL-76 વિમાનોના કાફલાને બદલવા માટે આ લશ્કરી પરિવહન વિમાનોની ખરીદી કરી રહી છે. આ મલ્ટિ-બિલિયન ડોલરના સોદા માટે લોકહીડ માર્ટિનનું C-130 J સુપર હર્ક્યુલસ, એમ્બ્રેરનું KC-390 અને એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસનું A-400M વિમાન મુખ્ય દાવેદાર છે. વાયુસેના પાસે પહેલેથી જ 12 C-130 J સુપર હર્ક્યુલસ વિમાનો કાર્યરત છે. એવી જાણકારી મળી છે કે 12 વિમાનો સીધા તૈયાર સ્થિતિમાં ખરીદવામાં આવશે, જ્યારે 48 વિમાનોનું ઉત્પાદન ભારતમાં કરવાનું રહેશે.

વધારાની પાંચ S-400 એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમ ખરીદવાનો નિર્ણય 'ઓપરેશન સિંદૂર' દરમિયાન તેમની ક્ષમતા સાબિત થયાના મહિનાઓ પછી લેવામાં આવ્યો છે. ગયા વર્ષે 7 થી 10 મે દરમિયાન પાકિસ્તાન સાથેની લડાઈ વખતે ભારતનું વર્ચસ્વ જાળવવામાં આ

...અનુસંધાન પાના 5 પર

સરકારે 858 કરોડના બે મોટા સંરક્ષણ કરાર કર્યા

નવી દિલ્હી. ભારતીય સંરક્ષણ મંત્રાલયે શુક્રવારે સેનાની તાકાત વધારવા માટે બે મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. પ્રથમ કરાર રશિયાની કંપની 'રોસોબોરોનએક્સપોર્ટ' સાથે 445 કરોડમાં કરવામાં આવ્યો છે, જે હેઠળ ભારતીય સેના માટે 'તુંગુસ્કા' એર ડિફેન્સ મિસાઈલ સિસ્ટમની ખરીદી કરવામાં આવશે. આ અત્યાધુનિક મિસાઈલ સિસ્ટમ શત્રુના વિમાનો, ડ્રોન અને ક્રૂઝ મિસાઈલ જેવા આકાશી જોખમો સામે ભારતની સુરક્ષા કવચને વધુ મજબૂત બનાવશે, જે ભારત-રશિયા વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને નવી ઊંચાઈ આપશે. બીજો કરાર 413 કરોડના ખર્ચે 'બોઈંગ ઈન્ડિયા ડિફેન્સ પ્રાઈવેટ લિમિટેડ' સાથે કરવામાં આવ્યો છે. આ સમજૂતી ભારતીય નૌકાદળના પી-8આઈ લોંગ-રેન્જ મેરિટાઇમ રિકોનિસન્સ એરક્રાફ્ટની જાળવણી માટે છે. મંત્રાલયના જણાવ્યા મુજબ, 'બાય ઈન્ડિયન' શ્રેણી હેઠળ આ કામગીરી 100 ટકા સ્વદેશી રીતે

...અનુસંધાન પાના 5 પર

શ્રીનગર-લેહ હાઇવે પર હિમપ્રપાત થતાં ૭નાં મોત

બરફના ઢગલાઓ હેઠળ અનેક વાહનો ફસાયા, પાંચને ઇજા, બે હજી દબાયા હોવાની શંકા

નેશનલ હાઇ-વે નં.-૧ને હંગામી ધોરણે બંધ કરી દેવાયો

લેહ, તા. 27 : શુક્રવારે શ્રીનગર-લેહ નેશનલ હાઇવે પર એક પછી એક અનેક હિમસ્ખલન થવાને કારણે લગભગ એક ડઝન વાહનો બરફ નીચે દબાઈ ગયા હતા, જેમાં ઓછામાં ઓછા સાત લોકોના મોત થયા છે અને અન્ય પાંચ લોકો ઘાયલ થયા છે.

સમાચાર એજન્સી પીટીઆઈ દ્વારા ટાંકવામાં આવેલા અધિકારીઓએ જણાવ્યું કે, આ હિમસ્ખલન બપોરના સમયે લદ્દાખના ઝોજીલા ઘાટમાં આવેલા ઝીરો પોઈન્ટ અને મિનિમર્ગ વચ્ચેના પટ્ટામાં થયું હતું. આ ઘટના પર પ્રતિક્રિયા આપતા લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર વી.કે. સક્સેનાએ જણાવ્યું હતું કે તેઓ વ્યક્તિગત રીતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે ઘટના બાદ તરત જ બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી અને બરફ હટાવવા તેમજ ફસાયેલા લોકોને બહાર કાઢવાના પ્રયાસો ચાલુ છે. સમાચાર એજન્સી એએનઆઈ (ANI) એ ઝોજીલા પાસ પર

...અનુસંધાન પાના 5 પર

ઈરાનને હવે ટ્રમ્પનું 10 દિવસનું અલ્ટીમેટમ

અખાતી પ્રદેશમાં વધુ ૧૦૦૦૦ ભૂમિ સૈનિકો મોકલવાની ટ્રમ્પની વિચારણા

પાકિસ્તાનના માધ્યમથી સમજૂતિના પ્રયાસો ચાલુ છે ત્યારે અમેરિકાને વધુ વિકલ્પો મળી રહે તે માટેની યોજના

અમેરિકી સૈન્યનું આગામી પગલું ખર્ગ ટાપુ પર કબજો જમાવવાનું હોઇ શકે છે

ખર્ગ ટાપુ પર બે દિશામાંથી હુમલો કરવાની વ્યુહરચના

ખાર્ગ ટાપુ પર હુમલો બે દિશાઓમાંથી થઈ શકે છે: હોર્મુઝની સામુદ્રધુનીના અવરોધને પાર કરવાને બદલે સંયુક્ત આરબ અમીરાત (UAE) થી સમુદ્ર માર્ગે અખાત દ્વારા; અથવા હવાઈ માર્ગે, જેમાં અરબી સમુદ્રમાં રહેલા વિમાનવાહક જહાજ 'USS અબ્રાહમ લિંકન' તેમજ UAEના લશ્કરી મથકો પરથી દળો રવાના કરવામાં આવી શકે છે.

વોશિંગ્ટન, તા. 27: ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સાથે શાંતિ વાટાઘાટો કરવાના પ્રયાસ રૂપે વોશિંગ્ટનને વધુ લશ્કરી વિકલ્પો આપવા માટે મધ્ય પૂર્વમાં વધારાના ૧૦,૦૦૦ સૈનિકો તૈનાત કરવા પર વિચાર કરી રહ્યા હોવાના અહેવાલ છે.

રાષ્ટ્રપતિએ તેમની વિદેશ નીતિમાં વારંવાર 'શક્તિ દ્વારા શાંતિ'ની વ્યૂહરચના પર ભાર મૂક્યો છે. તેમણે ઈરાનને તેમના ઊર્જા કેન્દ્રો નષ્ટ કરવાની ધમકી આપતા પહેલા વધારાના ૧૦ દિવસનો સમય આપ્યો છે, જો ઈરાન હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખુલ્લી નહીં કરે તો આ પગલું લેવામાં આવશે. વધારાના સૈનિકો સંભવત: ઈરાનના ખાર્ગ ટાપુની નજીક આવેલા અમેરિકી સૈન્ય મથક પર મોકલવામાં આવશે. ટ્રમ્પે તેની ઊર્જા સંપત્તિ જપ્ત કરવાની ધમકી આપી છે. સંરક્ષણ વિભાગના અધિકારીઓએ ધ વોલ સ્ટ્રીટ જર્નલને જણાવ્યું હતું કે આ તૈનાતીમાં પાયદળ અને સશસ્ત્ર વાહનોનો સમાવેશ થઈ શકે છે.

અગાઉથી જ લગભગ ૫,૦૦૦ મરીન અને ૮૨મી એરબોર્ન ડિવિઝનના હજારો પેરાટ્રૂપર્સ સંરક્ષણને મજબૂત કરવા માટે મધ્ય પૂર્વમાં મોકલવામાં આવ્યા છે. આ સૈનિકોનો હેતુ ટ્રમ્પના

...અનુસંધાન પાના 5 પર

સરકારે પેટ્રોલ, ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટીમાં કાપ મૂક્યો

પેટ્રોલ અને ડીઝલ પરની આબકારી જકાતમાં લીટર દીઠ રૂ. ૧૦નો ઘટાડો કરાયો

પેટ્રોલ, ડીઝલના છૂટક ભાવોમાં આનાથી ઘટાડો નહીં થાય, કંપનીઓની ખોટ સરભર કરવામાં આવશે

ડીઝલ અને એટીએફની નિકાસ પર વિન્ડફોલ ટેક્સ લાદવામાં આવ્યો

નવી દિલ્હી, 27 (PTI): સરકારે પેટ્રોલ અને ડીઝલ પરની આબકારી જકાતમાં પ્રતિ લિટર ૧૦ રૂપિયાનો ઘટાડો કર્યો છે, જેનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે તેલના વધતા ભાવને કારણે અનિવાર્ય બનેલા રિટેલ ભાવ વધારાને ટાળી શકાયો છે.

પેટ્રોલ પરની સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી ૧૩ રૂપિયાથી ઘટાડીને ૩ રૂપિયા અને ડીઝલ પર ૧૦ રૂપિયાથી ઘટાડીને શૂન્ય કરવાથી રિટેલ પંપના ભાવમાં કોઈ ફેરફાર થશે નહીં, કારણ કે આ ઘટાડાને ઈંધણના નુકસાન સામે સરભર કરવામાં આવશે. પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ પેટ્રોલ પર પ્રતિ લિટર ૨૪ રૂપિયા અને ડીઝલ પર ૩૦ રૂપિયાના નુકસાનનો અંદાજ લગાવ્યો છે, જ્યારે તેમના મંત્રાલયે આ આંકડો અનુક્રમે ૨૬ રૂપિયા અને ૮૧.૯૦ રૂપિયા દર્શાવ્યો છે.

સાથે જ, સરકારે ડીઝલ પર પ્રતિ લિટર ૨૧.૫૦ રૂપિયા અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) પર ૨૯.૫૦ રૂપિયા નિકાસ જકાત લાદી છે. આ લેવી (ટેક્સ) સૌપ્રથમ જુલાઈ ૨૦૨૨માં રશિયાના યુક્રેન પરના આક્રમણ બાદ રિફાઈનર્સના અણધાર્યા નફાને રોકવા માટે દાખલ કરવામાં આવી હતી અને બાદમાં ડિસેમ્બર ૨૦૨૪માં પાછી ખેંચી લેવામાં આવી હતી.

...અનુસંધાન પાના 5 પર

ડ્યુટી કાપથી સરકારને ૫,૫૦૦ કરોડની પખવાડિક ખોટ

નવી દિલ્હી. પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં પ્રતિ લિટર 10નો ઘટાડો અને ATF તથા ડીઝલ પર નિકાસ શુલ્કમાં વધારાને કારણે એક પખવાડિયામાં ૫,૫૦૦ કરોડની ચોખ્ખી મહેસૂલી ખોટ જશે, તેમ એક ઉચ્ચ અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (CBIC)ના ચેરમેન વિવેક ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડાથી આશરે ૭,૦૦૦ કરોડની મહેસૂલી ખોટ થશે, જ્યારે ડીઝલ અને ATF પર નિકાસ માટેના વિશેષ વધારાના એક્સાઈઝ ડ્યુટીમાં વધારો થવાથી પખવાડિયામાં ૧,૫૦૦ કરોડની વધારાની આવક થશે. એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડા બાદ, પેટ્રોલ પર એક્સાઈઝનો દર પ્રતિ લિટર 11.9 રહેશે (જેમાં 1.40 બેઝિક એક્સાઈઝ ડ્યુટી, 3 વિશેષ વધારાની એક્સાઈઝ ડ્યુટી, 2.50 કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ અને 5 રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેસ સામેલ છે). ડીઝલ અને એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (ATF) પર 26 માર્ચથી અમલી બને તે રીતે પ્રતિ લિટર અનુક્રમે 21.5 અને 29.5 નિકાસ ડ્યુટી લાદવામાં આવી છે. આ દરોની દર પખવાડિયે સમીક્ષા કરવામાં આવશે. ચતુર્વેદીએ મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, ડીઝલ અને ATF પર નિકાસ શુલ્ક લાદવાનો હેતુ સ્થાનિક ઉપલબ્ધતાને પ્રાધાન્ય આપવાનો અને વૈશ્વિક અનિશ્ચિતતા–જે સપ્લાય ચેઇનમાં વિક્ષેપને કારણે વધી છે, તેની વચ્ચે દેશ માટે ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. તેમણે ઉમેર્યું કે, એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો ઓઈલ માર્કેટિંગ કંપનીઓના નુકસાનને ઘટાડવા અને ચાલુ કટોકટીને કારણે ગ્રાહકો માટે ભાવ ન વધે તે માટે કરવામાં આવ્યો છે.

ઈરાન પર હુમલાઓ વધારવાની ઈઝરાયેલની ધમકી

પોતાના અણુ મથકો પર હુમલો થયો હોવાનો ઇરાનનો દાવો

ટ્રમ્પે યુદ્ધ વિરામની મંત્રણામાં પ્રગતિનો દાવો કર્યો

મંત્રણાની વાતો સાથે જ અમેરિકાએ અખાતી પ્રદેશમાં વધુ સૈનિકો રવાના કર્યા

દુબઈ, તા. 27(AP): ઈઝરાયેલે શુક્રવારે ઈરાન પરના તેના હુમલાઓને તીવ્ર અને વિસ્તૃત કરવાની ધમકી આપી છે. બીજી તરફ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે યુદ્ધ સમાપ્ત કરવા માટેની વાતચીત સારી રીતે ચાલી રહી છે અને તેમણે તેહરાનને હોર્મુઝની સામુદ્રધુની ખોલવા માટે વધુ સમય આપ્યો છે. જો કે, ઈરાને નમતું જોખવાના કોઈ સંકેત આપ્યા નથી. ઈઝરાયેલ દ્વારા તેહરાન વિરુદ્ધ તેના અભિયાનને વધારે ઉગ્ર અને વિસ્તૃત કરવાની ધમકી આપ્યાના ગણતરીના કલાકો બાદ, ઈરાનના સરકારી માધ્યમોએ જણાવ્યું છે કે શુક્રવારે તેના પરમાણુ મથકો પર હુમલો કરવામાં આવ્યો હતો. IRNA ના અહેવાલ અનુસાર, એક હેવી-વોટર પ્લાન્ટ અને યલોકેક ઉત્પાદન પ્લાન્ટ પર હુમલો કરવામાં આવ્યો હતો. શેરબજારોમાં જોવા મળી રહેલો કડાકો અને આ યુદ્ધની આર્થિક અસરો મધ્ય પૂર્વની બહાર સુધી પહોંચી રહી છે, ત્યારે ટ્રમ્પ પર ઈરાન દ્વારા આ વ્યૂહાત્મક જળમાર્ગ પર લાદવામાં આવેલા પ્રતિબંધોને હટાવવા માટે દબાણ વધી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે વિશ્વના કુલ તેલ પુરવઠાનો પાંચમો ભાગ સામાન્ય રીતે આ માર્ગેથી પસાર થાય છે. ઈરાને અમેરિકાના 15- મુદ્દાના યુદ્ધવિરામ પ્રસ્તાવને ફગાવી દીધો છે, જેમાં સામુદ્રધુની પરનો પોતાનો અંકુશ છોડી દેવાની શરત સામેલ છે. તે જ સમયે, અમેરિકાએ આ પ્રદેશમાં હજારો વધુ સૈનિકો તૈનાત કરવાનો

...અનુસંધાન પાના 5 પર

તા. ૨૭-૦૩-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન
મહત્તમ ૩૭.૬° સે. | લઘુત્તમ ૨૪.૪° સે. | ભેજ ૩૫%

ડ્રાઈવિંગ લાયસન્સ એક્સપાયર થયા પછી પણ ૩૦ દિવસ માન્ય ગણાશે

વાહન નોંધણી હવે સમગ્ર રાજ્યમાં ગમે ત્યાં કરાવી શકાશે

હિટ-એન્ડ-રનમાં જેલની સજા રદ કરી માત્ર આર્થિક દંડની જોગવાઈ

રિન્યુઅલ નિયમ: જો લાયસન્સ એક્સપાયર થયા પછી રિન્યુ કરાવાશે, તો તેની માન્યતા રિન્યુઅલની તારીખથી ગણાશે

નવી દિલ્હી, તા. 27 (PTI): કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા 'જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) બિલ, 2026' અંતર્ગત મોટર વ્હીકલ એક્ટમાં મોટા ફેરફારો કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રી જિતિન પ્રસાદ દ્વારા શુક્રવારે લોકસભામાં રજૂ કરાયેલા આ બિલ મુજબ, હવે ડ્રાઈવિંગ લાયસન્સની મુદત પૂરી થયા પછી પણ 30 દિવસનો 'ગ્રેસ પિરિયડ' (વધારાનો સમય) આપવામાં આવશે, જે દરમિયાન લાયસન્સ કાયદેસર રીતે માન્ય ગણાશે.

આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય નાગરિકો માટે 'ઈઝ ઓફ લિવિંગ' (જીવન જીવવાની સરળતા) અને વેપારીઓ માટે 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને પ્રોત્સાહન આપવાનો છે. આ હેઠળ 23 મંત્રાલયોના 79 કેન્દ્રીય કાયદાઓમાં કુલ 784 જોગવાઈઓમાં સુધારા સૂચવવામાં આવ્યા છે. જેમાંથી 717 જોગવાઈઓને અપરાધમુક્ત કરવાની અને 67 જોગવાઈઓને વહીવટી સરળતા માટે સુધારવાની દરખાસ્ત છે. મોટર વ્હીકલ એક્ટમાં 20 જેટલા સુધારાની દરખાસ્ત છે. અન્ય મહત્વના ફેરફારોમાં હવે વાહનની નોંધણી કોઈ ચોક્કસ આરટીઓ કાર્યક્ષેત્રને બદલે સમગ્ર રાજ્યમાં ગમે ત્યાં કરાવી શકાશે. આ ઉપરાંત વાહન નોંધણી રદ કરવાની જાણકારી આપવા માટેનો સમય અને ઈન્સ્યોરન્સ સર્ટિફિકેટ ટ્રાન્સફર કરવાની માહિતી વીમા કંપનીને આપવા માટેનો સમયગાળો પણ 14 દિવસથી વધારીને 30 દિવસ કરવાની દરખાસ્ત છે. જો લાયસન્સ એક્સપાયર થયા પછી રિન્યુઅલ માટે અરજી કરવામાં આવે, તો તે રિન્યુઅલની તારીખથી અમલમાં આવશે, નહીં કે એક્સપાયરી તારીખથી.

અન્ય ફેરફારોમાં જો કોઈ વ્યક્તિ હિટ-એન્ડ-રન વળતર યોજનાના નિયમોનું ઉલ્લંઘન કરશે, તો તેને 1 લાખથી 5 લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. જોકે આ ગુના માટે જેલની સજા દૂર કરીને તેને માત્ર આર્થિક દંડમાં ફેરવવાની દરખાસ્ત છે.

લોકસભામાં 'જન વિશ્વાસ બિલ ૨.૦' રજૂ

નવી દિલ્હી, તા. 27 (PTI): કેન્દ્ર સરકાર દ્વારા લોકસભામાં 'જન વિશ્વાસ (જોગવાઈઓમાં સુધારો) બિલ, 2026' નું બીજું સંસ્કરણ રજૂ કરવામાં આવ્યું છે. વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રી જિતિન પ્રસાદ દ્વારા રજૂ કરાયેલા આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય ગૌણ અપરાધોને અપરાધમુક્ત કરીને 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' અને 'ઈઝ ઓફ લિવિંગ' ને પ્રોત્સાહન આપવાનો છે. આ પ્રસ્તાવિત કાયદા હેઠળ ૨૩ મંત્રાલયો દ્વારા સંચાલિત ૭૯ કેન્દ્રીય કાયદાઓની ૭૮૪ જોગવાઈઓમાં સુધારા સૂચવવામાં આવ્યા છે, જેમાંથી ૭૧૭ જોગવાઈઓને અપરાધમુક્ત કરવાની દરખાસ્ત છે.

આ બિલની સૌથી મોટી અસર મોટર વ્હીકલ એક્ટ પર જોવા મળશે, જેમાં ૨૦ જેટલા મહત્વના સુધારા સૂચવાયા છે.